સંક્ષિપ્ત સમાચાર

ધાનેરા થરાદ હાઈવે પર આવેલા સાંકડ વ્હોળામાં દાન પેટી દેખાતા લોકોના ટોળે-ટોળા ઉમટી પડ્યા

બનાસકાંઠા જિલ્લાના ધાનેરા થરાદ હાઈવે પર આવેલા સાંકડ વ્હોળામાં દાનપેટી દેખાતા લોકોના ટોળે-ટોળા ઉમટી પડ્યા હતા. ધાનેરા પોલીસે દાન પેટી પર કબજો મેળવી તપાસ હાથ ધરી છે.

બનાસકાંઠા જિલ્લામાં તસ્કરો તરખાટ મચાવી રહ્યા છે ત્યારે હવે તો મંદિરો પણ સલામત નથી અને તસ્કરો મંદિરોને નિશાન બનાવી રહ્યા છે ત્યારે આજે સાંજના સમયે ધાનેરા થરાદ હાઈવે પર આવેલા વ્હોળાની બાવળની જાડીમાં એક દાનપેટી દેખાતા લોકોના ટોળે-ટોળા ઉમટી પડ્યા હતા.

ખેડૂતોને ૧.૩૧ કરોડની સહાયના ચેક અર્પણ કરાયા

બનાસકાંઠા જિલ્લામાં દાંતા ખાતે એપીએમસી ખાતે સામાજીક કલ્યાણ અને પછાત વિકાસ નિગમના ચેરમેન જયંતીભાઈ બારોટ અને જિલ્લા કલેક્ટર દિલિપ રાણાના અધ્યક્ષસ્થાને રવી કૃષિ મહોત્સવનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેને જયંતીભાઈ બારોટે દિપ પ્રગટાવીને શુભારંભ કરાવ્યો હતો. મહોત્સવમાં ખેતીવાડી સહીત પશુપાલકની વિવિધ યોજના હેઠળ ખેતીવાડી, બાગાયત, પશુપાલન અને જીજીઆરસીના ૫૪૯ લાભાર્થી ખેડૂતોને રૂપીયા ૧.૩૧ કરોડ જેટલી માતબર રપકમની સહાયના ચેક અર્પણ કરાયા હતા.

ભિલોડાના નવાભવનાથ ગામની પરણિત મહિલાનું અપહરણ

અરવલ્લી જીલ્લાના ભિલોડાના નવાભવનાથ ગામના પરણિત મહિલાનું નવાભવનાથ ગામના નવયુવાન ધ્વારા અપહરણ કરાતાં ચકચાર મચી જવા પામી છે. ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ.ના જણાવ્યા મુજબ નવાભવનાથ ગામના ભાવેશભાઈ મહેન્દ્રભાઈ રાવલની ધર્મપત્ની ગીતાબેન રાવલ, આ. ઉં.વ.૧૯ નું નવાભવનાથ ગામના કુંતલભાઈ કૌશીકભાઈ રાવલએ અપહરણ કરતાં ચકચાર મચી જવા પામી છે. નવાભવનાથ ગામના ભાવેશભાઈ મહેન્દ્રભાઈ રાવલએ તેમની ધર્મપત્ની ગીતાબેનના અપહરણ બનાવ સંદર્ભે નવાભવનાથ ગામના કુંતલભાઈ કૌશીકભાઈ રાવલ, કૌશીકભાઈ સુખદેવભાઈ રાવલ, જ્યોતિબેન કૌશીકભાઈ રાવલ વિરૂધ્ધ ભિલોડા પોલીસે કાર્યવાહી હાથ ધરેલ છે.

ટ્રિનિટ સ્કૂલમાં યોજાયેલ માઈન્ડ પાવર અને મેમરી કાર્યક્રમ

ટ્રિનિટી સ્કૂલ તલોદમાં તા. બીજી અને ત્રીજી જાન્યુઆરી-૨૦૧૬ શનિ અને રવિવારના રોજ ધો-૯-૧૦ના વિદ્યાર્થી ભાઈઓ-બહેનો માટે યાદશકિત કેળવવા, માઈન્ડ પાવર વિકસાવવા, બુધ્ધિને તેજ કરવા માટેનો વિદ્યાર્થી ઉપયોગી કાર્યક્રમ બે દિવસની શિબિરમાં યોજવામાં આવ્યો હતો. જરૂરી માઈન્ડ પાવર અને મેમરી વિકસાવવા માટે જાણીતા માઈન્ડ પાવર નિષ્ણાત ડૉ. અઢિયાના હાથ નીચે તૈયાર થયેલ ટ્રેનર શ્રી રોનક શર્માએ સિનિયર સિટીઝન કલબ તલોદના સંસ્કૃતિક હોલ ખાતે યોજયો હતો.

મોડાસાના વિવિધ વિસ્તારોમાં સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ

મોડાસા નગરપાલિકા વિસ્તારમાં નવનિયુક્ત પ્રમુખ વનીતાબેન પટેલ અને ઉપ પ્રમુખ દિનેશભાઈની સુચનાથી નગરના વિવિધ વિસ્તારોમાં સ્વચ્છતા માટે પાલિકાતંત્રે કમર કસી છે. જેના ભાગરૂપે મોડાસા નગરના વોર્ડનો ૩ ના વિસ્તારોમાં સ્વચ્છતા માટે સોમવારના રોજ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. વોર્ડ નં. ૪ના નગરસેવક આશિષભાઈ જયસ્વાલ, નર્મદાબેન રાઠોડ અને લલીતાબેન પટેલ અને નીકેશભાઈની ઉપસ્થિતિમાં યોજેલ સફાઈ અભિયાનથી વિસ્તારના લોકોમાં નગરપાલિકાની જાગૃતતા માટે હર્ષની લાગણી ફેલાઈ છે. આ અભિયાન નગરના તમામ વિસ્તારોમાં ચાલુ રહેનાર હોવાનું તંત્ર દ્વારા જણાવવામાં આવ્યું હતું.

અરવલ્લીની ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટીવલ માટે પસંદગી

મોડાસામાં ૮ જાન્યુ.એ પતંગ મહોત્સવમાં વિદેશી પતંગો આકાશે ચડશે : જિલ્લાના પ્રજાજનોમાં ખુશીની લહેર

મોડાસા, તા. ૬

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા છેલ્લા કેટલાક વર્ષોથી અમદાવાદ ખાતે ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટીવલ યોજાય છે. જેમાં દેશ-વિદેશના ખ્યાતનામ પતંગબાજો પોતાના અવનવા અને અનોખા પતંગ સાથે ઉત્સાહપૂર્વક પતંગ આકાશે ચઢાવે છે. પતંગ મહોત્સવ જોવા સમગ્ર ગુજરાત રાજ્યના પતંગરસિયાઓ ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટીવલ નિહાળવા અમદાવાદ ખાતે મોટી સંખ્યામાં ઉમટી પડતાં હોય છે. ચાલુ સાલે ગુજરાત સરકારે નવરચિત અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં ૮ જાન્યુઆરીએ પતંગ મહોત્સવ યોજાવાનું સ્થળ તરીકે પસંદગી ઉતારતા જિલ્લાના પ્રજાજનોમાં ખુશીની લહેર વ્યાપી ગઈ છે.

ગુજરાત રાજ્યના લોકો ત્યૌહારપ્રિય છે તેમાંય ખાસ કરીને ગુજરાતીઓ નવરાત્રી અને ઉત્તરાયણનો ત્યૌહાર પ્રજાજનોમાં આગવુ આકર્ષણ અને અનેરૂ મહત્વ છે. અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં રાજ્ય સરકાર દ્વારા ઈન્ટરનેશનલ પતંગ મહોત્સવના આયોજન સ્થળ તરીકે પસંદ કરવામાં આવ્યું છે. શુક્રવાર ૮ જાન્યુઆરીએ ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટિવલના આયોજન માટે જિલ્લા વહીવટીતંત્રને તાકીદ કરી છે. લોકભાગીદારીથી ઈન્ટરનેશનલ પતંગ મહોત્સવ ઉજવવામાં આવે તેવા પ્રયાશો હાથ ધરાયા છે. મોડાસા શહેરમાં ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટીવલ રાજ્ય સરકાર દ્વારા આયોજન કરવામાં આવ્યું હોવાનું આધારભુત સુત્રો પાસેથી જાણવા મળ્યું હતું.

મોડાસા શહેરના મેઘરજ રોડ પર આવેલા કુમકુમ પાર્ટી પ્લોટ ખાતે યોજાનાર ઈન્ટરનેશનલ કાઈટ મહોત્સવમાં વિદેશી પતંગ રસિયાઓ જિલ્લાની ધરતી પર પતંગ ઉડાડતા જોવા માટેનો થનગનાટ જોવા મળી રહ્યો છે. વિશ્વના જાણીતા દેશ-વિદેશીના પતંગબાજો વિવિધ પ્રકારના પતંગો, આકાર અને આકાશે ચડાવાની આવડત જોવા માટે આતુર બન્યા છે. ત્યારે ૮ જાન્યુઆરીએ પવનની ગતિ સારી રહે તેવી પ્રાર્થના અત્યારથી જ જિલ્લાના પતંગ રસીઆઓ આશા રાખી રહ્યા છે.

હિંમતનગરના વ્હોરવાડ અને સહકારીજીન વિસ્તારમાંથી બે બાઈક ચોરાયા

હિંમતનગર, તા. ૬

હિંમતનગર સહિત સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી વાહન ચોરીની ઘટનાઓએ માઝા મુકી હોવા છતાં પોલીસતંત્ર આ વાહન ઉઠાવગીરોની ટોળકીને પકડી શકી નથી. જેના કારણે જિલ્લાવાસીઓને પોતાની માલ-મિલ્કત સાચવવા માટે જાણે કે રાત્રે ઉજાગરા કરવા પડે છે. તેમ છતાં પોલીસ તંત્ર સબસલામતની ગુલબાંગ પોકારી રહી છે. દરમિયાન રવિવાર અને સોમવારે વધુ બે વાહનની ચોરી થતાં તે અંગે વાહન માલિકોએ સંલગ્ન પોલીસ સ્ટેશનમાં વાહન ચોરાયાની ફરિયાદ નોંધાવી હતી.

સહકારીજીન પેટ્રોલપંપ ઉપર ગુલામમદાર રહેમુદ્દીન અસારીએ પોતાનું બાઈક નં. જીજે.૦૯.એપી. ૩૭૫૭ને પાર્ક કર્યું હતું. દરમિયાન અજાણ્યા શખ્સો ધોળે દહાડે તેમના બાઈકની ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે તપાસ કરવા છતાં બાઈકનો કોઈ પત્તો ન મળતા ગુલામમદાર અસારીએ અજાણ્યા શખ્શ વિરૂદ્ધ એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. તેજ પ્રમાણે વ્હોરવાડ વિસ્તારમાં રહેતા મહંમદસોયેબ સાબીરહુસેન મેમણ તેમના ઘરના દરવાજા પાસે પાર્ક કરેલ બાઈક નં. જીજે.૯.એએમ. ૭૮૨૮ની રવિવારે ચોરી કરી ભાગી ગયા હતા. જેની તપાસ કરવા છતાં કોઈ પત્તો ન મળતા મહંમદસોયેબ મેમણે અજાણ્યા શખ્સ વિરૂદ્ધ હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ખેડબ્રહ્મામાં લેન્ડ સ્કેપીંગ અને બ્યુટીફીકેશનનું લોકાર્પણ

ખેડબ્રહ્મા નગરપાલિકા દ્વારા બનાવવામાં આવેલા લેન્ડ સ્કેપીંગ અને બ્યુટીફીકેશનનો મંગળવારે લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. ખેડબ્રહ્મા નગર પાલિકા દ્વારા હરણાવ નદીના કિનારે સ્વર્ણીમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની સહાયમાંથી સાકાર થયેલ લેન્ડ સ્કેપીંગ એન્ડ બ્યુટીફીકેશનનું ધારાસભ્ય અશ્વિનભાઈ પટેલના હસ્તે ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. વીસ લાખની ગ્રાન્ટમાંથી બનાવવામાં આવેલ બ્યુટીફીકેશનથી શહેરની શોભામાં વધારો થયો છે અને જે લોકોને ઉપયોગી બનશે. આ કાર્યક્રમમાં પાલિકા પ્રમુખ સાગરભાઈ પટેલ, ઉપપ્રમુખ ગોપાલભાઈ રાવલ, કારોબારી ચેરમેન પ્રવિણસિંહ સોલંકી, નાયબ કલેક્ટર વિશાલ સકસેના, મામલતદાર અને ચીફ ઓફીસર વી.બી. મકવાણા, નરેશભાઈ પટેલ તથા હર્ષદભાઈ પટેલ સહીત મોટી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન અમીત શર્માએ કર્યું હતું.

કોયલીયા ગામે માતા-પુત્રને પતિ અને સાસરીયાવાળાઓએ સળગાવી દેતા અરેરાટી

મોડાસા, તા. ૬

અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાના કોયલીયા ગામે મંગળવારે સાંજના સુમારે એક મહિલા અને તેના પુત્રની તેના પતિ અને સાસરીપક્ષ દ્વારા ગેરકાયદેસર મંડળી રચી તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી ઘરની અંદર જલદ પ્રવાહી છાંટી સળગાવી દેતા માતા અને પુત્ર આખા શરીરે દાઝી જતા મોત નિપજ્યું હતું. આ ઘટનાની જાણ માલપુર પોલીસને થતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી મૃતક મહિલાના પિતાની ફરિયાદના આધારે હત્યાનો ગુન્હો નોંધી પતિ સહિત તમામ આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

માલપુર તાલુકાના કોયલીયા ગામે પરણીત મહિલાને તેના પતિ અને પરિવારજનો દ્વારા તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા કરી પુરાવાનો નાશ કરવા જલદ પ્રવાહી છાંટી માતા અને એક વર્ષના પુત્રને સળગાવી દેવાની ઘટના બનતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી હતી. રાયસીંગ લાલાભાઈ મસાર (રહે. ડાબરણ, તા. માલપુર)ની પુત્રી સૂર્યાબેનના સામાજીક રિતરિવાજ મુજબ માલપુર તાલુકાના કોયલીયા ગામના પુના સુકરા ખાંટ સાથે પરણાવી હતી. લગ્નજીવનના સુખી દાંપત્યજીવન બાદ પત્નિને ૧ બાળકનો જન્મ થયો હતો. પરંતુ છેલ્લા એક વર્ષથી મહિલાના પતિ અને તેના સાસરીયા દ્વારા મહિલાના ઘરકામ અંગે ઝઘડાઓ કરી મારઝુડ કરી દહેજની માંગણી કરી શારીરિક માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. મંગળવારે સામાન્ય તકરાર બાદ મહિલાના પતિ પુના સુકરા ખાંટ, સીતાબેન સુકરા ખાંટ, સુકરા વક્તા ખાંટ, લાલા સુકરા ખાંટ, ખુમા સુકરા ખાંટ, સુધાબેન લાલા ખાંટ, રાધા સુકરા ખઆંટ દ્વારા ગેરકાયદેસર મંડળી રચી મહિલાને અને તેના પુત્ર નવિન (ઉં.વ.૧)ને તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા કરી નાખી હતી અને હત્યા છુપાવવા માટે મહિલાના પતિ અને તેના સાસરીયાવાળાઓ દ્વારા મહિલાના ઘરમાં મૃતક મહિલા અને પુત્રના શરીરે જલદ પ્રવાહી છાંટી સળગાવી દઈ પુરાવાનો નાશ કર્યો હતો. આ અંગે મૃતક મહિલાના પિતાને ખબર પડતા તાબડતોબ કોયલીયા ગામે પહોંચી પુનાભાઈ અને તેના પરિવારજનો સંતોષકારક જવાબ ન મળતા મૃતક મહિલાના પિતાએ આ ઘટના અંગે માલપુર પોલીસ સ્ટેશનને જાણ કરતા માલપુર પોલીસે તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી માતા અને પુત્રની

હત્યાનો ગુન્હો નોંધી ફરાર આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યાહતા. માલપુર પંથકમાં આ ઘટનાની જાણ થતા મહિલાના પતિ અને તેની સાસરીપક્ષવાળા સામે ફિટકાર વરસાવતા નજરે પડતા હતા.

દાંતા રવિ કૃષિ મહોત્સવમાં કોંગ્રેસનો વિરોધ

બનાસકાંઠાના દાંતા તાલુકા મથકે આજે યોજાયેલા રવીકૃષિ મહોત્સવ મેળાનો કોંગ્રેસના કાર્યકર્તાઓ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યો હતો. દાંતા તાલુકા મતવિસ્તારના ધારાસભ્ય કાન્તી ખરાડી સહીત ૬૦ જેટલા કોંગ્રેસના કાર્યકર્તાઓ એક રેલી યોજી ભાજપ સરકાર વિરૂદ્ધ સુત્રોચ્ચાર કર્યા હતા ને હાથમાં પોસ્ટર સાથે માથે કાળા કપડાં બાંધી દાતાના એપીએમસી ખાતે યોજાઈ રહેલા રવીકૃષિ મહોત્સવમાં ઘુસવાનો પ્રયત્ન કરતાં સ્થળ ઉપર ગોઠવાયેલા ચુસ્ત પોલીસ બંદોબસ્ત દ્વારા તમામ કોંગ્રેસીઓને રોકી દેવાયા હતા ને સ્થળ ઉપર ઉભેલી મોટી પોલીસવાનમાં કોંગ્રેસી કાર્યકર્તાઓને બેસાડી પોલીસ સ્ટેશન લઈ જઈ ધારાસભ્ય સહીત ૪૯ કોંગ્રેસી કાર્યકર્તાઓની અટકાયત કરી હતી. ને કૃષિમહોત્સવને સફળતાપૂર્વક પાર પાડવા દેવામાં પોલીસની અહમ ભૂમિકા જોવા મળી હતી. જો કે આ પ્રસંગે કોંગ્રેસના ધારાસભ્યોએ એવો આક્ષેપ કર્યો હતો કે દાંતા તાલુકા વિસ્તારમાં હજારો પશુઓના મોત થયા છે ને અતિવૃષ્ટિમાં ખેત જમીનો પણ ધોવાઈ છે. તેનું કોઈજ વળતર અપાયું નથી. ત્યારે ભાજપે આવા કૃષિમહોત્સવ જેવા તાયફા બંધ કરવાની માંગ કરી હતી.

મોડાસા તાલુકાના ગોખરવા ગામે પત્નિએ પિયર જવાની જીદ કરતાં ઉશ્કેરાયેલા પતિએ તલવાર વડે હૂમલો કરતા પત્નિ અને સાસુ ઈજાગ્રસ્ત

મોડાસા, તા. ૬

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ગોખરવા ગામે પતિ-પત્નિ વચ્ચે થતાં ગૃહકંકાસમાં પતિ દ્વારા વારંવાર મારઝુડ કરાતા મહિલાના પિયરપક્ષના લોકો મંગળવારના રોજ સમજાવટ માટે ગોખરવા ગામે આવ્યા હતા. મહિલાએ પતિ દ્વારા વારંવાર મારઝુડ કરાતી હોઈ પિયરપક્ષના લોકો સાથે પિયર જવાની જીદ કરતા એકાએક ઉશ્કેરાયેલા પતિએ તલવાર લઈ પત્નિ અને સાસુ પર હૂમલો કરતાં બંને ઈજાગ્રસ્ત બન્યા હતા.

મોડાસા તાલુકાના ગોખરવા ગામના ભરતસિંહ કાળુસિંહ પરમાર (ઉં.વ. ૨૨)ના લગ્ન નવા જવાનપુરના દક્ષાબેન મનુભાઈ પરમાર સાથે થયા હતા. લગ્નજીવન દરમ્યાન પતિ-પત્નિ વચ્ચે ઘરકામ બાબતે બોલાચાલી થતી હતી. જેથી પતિ દ્વારા વારંવાર મારઝુડ કરાતી હતી. જેથી અસહ્ય મારઝુડથી કંટાળેલી મહિલાએ આ અંગે પોતાના પિતાને જાણ કરતાં મંગળવારના રોજ મહિલાના પિયરપક્ષના લોકો સમજાવટ માટે ગોખરવા ગામે આવ્યા હતા. પતિ-પત્નિને સમજાવ્યા હતા. મારઝુડથી કંટાળેલી મહિલાએ પિયરપક્ષના લોકોને પિયર સાથે લઈ જવાની જીદ કરતા એકાએક ઉશ્કેરાયેલા પતિએ ઘરમાંથી તલવાર લઈ દોડી આવી તેની પત્નિના મોઢા પર તલવારનો ઘા ઝીંકી દેતા મહિલાને ડાબી આંખ પર ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઉશ્કેરાયેલો પતિ ત્યાંથી ન અટકતા તેની સાસુના પીઠના ભાગે પણ તલવારનો ઘા ઝીંકી દીધો હતો. અચાનક થયેલા હૂમલાથી પિયરપક્ષથી આવેલા લોકોમાં દોડધામ મચી ગઈ હતી. મહિલાઓને ૧૦૮ દ્વારા સાર્વજનિક હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડાયા હતા.

મોડાસા રૂરલ પોલીસે ફિલ્મીઢબે જીપડાલાનો પીછો કરી કતલખાને લઈ જવાતુ ગૌવંશ ઝડપ્યુ

મોડાસા, તા. ૬

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં કસાઈઓ બેફામ બની પશુપાલકોની હાજરીમાં અને રખડતા પશુઓને ઉઠાવી જઈ ગેરકાયદેસર રીતે કતલખાને ધકેલી દેતા હોય છે. મોડાસા નજીકના બે

વિસ્તારોમાં અમુક અસામાજીક તત્વો ગેરકાયદેસર પશુઓની ચોરી કરી કતલખાનાનો કાળો કારોબાર ચલાવી રહ્યા છે. બુધવારે મોડાસા રૂરલ પોલીસને મળેલી બાતમીના આધારે હિંમતનગરથી ૪ બળદ તથા વાછરડા ભરેલી જીપડાલાને લીંભોઈ પાટીયા નજીક નાકાબંધી કરી અટકાવવાનો પ્રયાસ કરતા પીકઅપ ડાલાના ચાલકે જીપડાલુ કિશોરપુરા તરફ હંકારી મુકતા મોડાસા રૂરલ પોલીસે પોલીસજીપ દ્વારા ફિલ્મીઢબે પીછો કરતા બાયલ-ઢાંખરોલ ગામની સીમમાં જીપડાલુ ઉભુ રાખી ભાગી જવાનો પ્રયત્ન કરતા એક કસાઈ ઝડપાઈ ગયો હતો. અન્ય એક કસાઈ નાસી છુટ્યો હતો. મોડાસા રૂરલ પોલીસે નાસી છુટેલા ઈસમ અને અન્ય મદદગારી કરનાર કસાઈની ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા હતા.

મોડાસા શહેરના કોલેજ રોડ પર અને ડુઘરવાડા ચોકડી નજીકના બે વિસ્તારોમાં કેટલાક અસામાજીક તત્વો ગેરકાયદેસર કતલખાના ચલાવી રહ્યા છે. જેમને તેમની ટોળકીના સાગરીતો દ્વારા પશુઓની તસ્કરી કરી પશુઓ પુરા પાડવાનું રેકેટ ધમધમે છે. છેલ્લા બે દિવસમાં પશુપાલકોની આંખ આગળથી

● અનુસંધાન પાના - ૭ પર

સંક્ષિપ્ત સમાચાર

અરવલ્લીમાં જિલ્લા કક્ષાની પ્રજાસત્તાક દિનની ઉજવણી માલપુર ખાતે થશે

મોડાસા ખાતે અરવલ્લી જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને મિટીંગ યોજાઈ હતી. આ મિટીંગમાં જિલ્લાના મંત્રીના હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ ૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક દિન અંગે કરવામાં આવશે તેમજ સ્વતંત્ર સેનાનીઓનું સન્માન કરવામાં આવશે તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા કાર્યક્રમ કરવામાં આવશે. જિલ્લાકક્ષાએ બ્લડ ડોનેશન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

ખાત મુર્હત લોકાર્પણ કામગીરીનું આયોજન મંડળ નાણાપંચ પછાત તાલુકા તથા અન્ય યોજનાઓ હેઠળ મંજુર થયેલ કામોનું ખાત મુર્હત લોકાર્પણ કામો સંસદ સભ્ય તથા ધારાસભ્ય દ્વારા કરવામાં આવશે. ધ્વજ વંદન કાર્યક્રમના સ્થળે શાળાના બાળકને દૂધ બિસ્કીટનો વિતરણ કાર્યક્રમ કરવામાં આવશે. રમત ગમત ક્ષેત્રે, વિદ્યાક્ષેત્રે વિશિષ્ટ વ્યકિતઓને સન્માન કાર્યક્રમ પણ યોજવામાં આવશે તેમજ જિલ્લા ગ્રામ વિકાસની એજન્સી દ્વારા ટેબલો કરવામાં આવશે તેમ જિલ્લા કલેકટરે જણાવ્યું હતું.

મોડાસાના રામપુર પાટીયા નજીક બાઈક સામ સામે ટકરાતા ત્રણ ઈજાગ્રસ્ત

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના મોડાસા-હિંમતનગર રાજય ધોરી માર્ગપર આવેલા રામપુર (ગઢડા) પાટીયા પાસે બુધવારે સવારના સુમારે બે બાઈક સવારો સામ સામે ટકરાતા બંને બાઈક પર સવારી કરી રહેલા ત્રણ વ્યકિતઓ રોડ પર નીચે પટકાઈ હતી. જેમાં રામપુરના વતની સિધ્ધરાજસિંહ અભેસિંહ ચૌહાણને પગે ફ્રેકચર થયું હતું.

જયારે અભેસિંહ લાલસિંહ ચૌહાણ અને અન્ય એક વ્યકિતના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ તાબડતોબ મેઢાસણ રેફરલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડયા હતા. બજાજ ડિસ્કવર બાઈકનો અકસ્માતના પગલે આગળનો ભાગ જૂદો પડી ગયો હતો. સદનસીબે જાનહાનિ ટળતાં અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

મહેસાણા જિલ્લાના તમામ તાલુકાઓમાં તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાશે

લોકોની ફરીયાદના નિરાકરણ માટે મુખ્યમંત્રીશ્રીના અભિગમને અનુરૂપ તાલુકા કક્ષાએ તમામ તાલુકામાં ૨૭ જાન્યુઆરી ૨૦૧૬ના રોજ તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાનાર છે. તાલુકા સ્વાગત માટે ૧૧ જાન્યુઆરી ૨૦૧૬ સુધીમાં પોતાના પ્રશ્નો સંબંધિત મામલતદારશ્રીને મોકલી આપવાના રહેશે.

તાલુકા સ્વાગતમાં વિસનગર, ખેરાલુ, કડી ખાતે સંબંધિત પ્રાંત અધિકારીશ્રી, મહેસાણા ખાતે આસીટન્ટ કલેકટરશ્રી, વડનગર અને વિજાપુર ખાતે નાયબ જિલ્લા વિકાસ અધિકારી, સતસાણા ખાતે જિલ્લા આંકડાઅધિકારી, બેચરાજી અને જોટાણા ખાતે ખાસ જમીન સંપાદન અધિકારી ઉપસ્થિત રહેનાર છે તેમ કલેકટરશ્રી મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયું છે.